

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




યાંત્રિક સ્વભાવે, કરે વેઠ, સ્મિત કરાતું નથી!
વધારા, સુવિધા, છતાં સંગઠન ધરાતું નથી!
લે છે બાનમાં પ્રજાને હંમેશા, ખંડણીનો ખેલ!
બેંક કર્મચારીનું ખપ્પર કદી ભરાતું નથી!




મત મેદાન
બળદોનાં યુદ્ધમાં
છૂંદાય પ્રજા..

..ને યથા રાજા,
બિચારી પ્રજા પણ -
બને છે ઉલ્લુ!

## ચિંતન

*મન મૈલા તન ઉજરા, બગુલા કપટી અંગ ।*
*તાસો તો કૌવા ભલા, તન-મન એક હી અંગ ॥*

કબીરજી પરંપરાના ભંજક છે અને નિખાલસ સત્ય કોઇની પણ શરમ રાખ્યા વિના કહે છે માત્રને માત્ર સત્યના જ આગ્રહી છે અને દંભને વખોડવામાં તેમની પાસે શબ્દો અને ઉદાહરણ પણ ધારદાર હોય છે. આ દોહરામાં બગલા અને કાગડાનું ઉદાહરણ આપી આશારામ જેવા દંભી સાધુ-સંતોની વાત કરી છે.

બગલો દેખાવે સફેદ-સ્વરૂપવાન છે અને જળમાં એક પગ ઊંચો રાખી તપસ્વીની જેમ 'ધ્યાન'માં હોય એમ ઊભો રહે છે અને એકાગ્ર થઇ ધ્યાનાવસ્થા સત્સંગમાં આવેલી 'માછલીઓ' પર જ હોય છે. આમ પગલાનો બાહ્ય દેખાવ અને આંતરિક ઇચ્છાઓનો જરા પણ સુમેળ સંધાતો નથી. આવી વૃત્તિ-પ્રવૃત્તિ અને છળકપટથી બગલા જેવા 'સત્સંગ' 'શિબિર'ની માયાજાળ પાથરી માછલીઓને ફસાવવાનું જ ધ્યેય-લક્ષ્ય રાખે છે. આવા દંભી બાપુઓ-સાંઇઓથી સાવચેત રહેવા કબીર કહે છે.

વધારે આવા સંતો કરતાં તો દંભરહિત, જેવા અંદર છે એવા જ બહાર વ્યક્ત થતાં ગુંડા સારા-અહીં કબીરજીએ કાળાં કર્મો કરનારાની પ્રશંસા કે ભલામણ નથી કરી પણ દંભ વિના - વાણી વિચાર અને વર્તનનું ઐક્ય રાખવા જણાવ્યું છે.

## સુવિચાર

- નિરાંત બજારમાં વેચાતી નથી મળતી એ 'ચિંતન' થકી મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બુદ્ધિ ભગવાનનું આપેલું ઇનામ છે.. બુદ્ધિ સાધનાથી નથી મળતી - **જ્ઞાનસૂત્ર**
- આપણે પ્રામાણિકતાને સ્વર્ગ પામવાનું સાધન સમજીએ છીએ.. અને અંગ્રેજો એને સફળતાની ચાવી સમજે છે - **આચાર્ય મુનીન્દ્ર**
- અહંકાર વિનાની શુદ્ધ આસ્થા દુર્લભ છે - **ઓશો**
- હિમાલયમાં જઇને ઇશ્વરને શોધવા મથી રહેલો સંત અને લેબોરેટરીમાં બેસીને વિજ્ઞાનનાં રહસ્યો સમજવા મથી રહેલો વિજ્ઞાની... એ બંને આરાધકો જ છે - **ડૉ. કલામ**
- પતિ-પત્ની એકબીજાને ટીકી ટીકીને જોયા કરે તે પ્રેમ નથી.. પણ બંને સાથે એક જ દિશામાં જુએ, સાથે ચાલે તે પ્રેમ છે - **બકુલ દવે**
- બે ફુલ ચડાવે મૂર્તિ પર, પ્રભુ નહીં મળે સસ્તામાં, કૃષ્ણ પાસે જવું હોય તો થાવું પડે સુદામા, ઇશ્વર એમ નથી મળતો રસ્તામાં - **સંતરામ**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

આપણે મંદિર-દર્શનની માનતા રાખી, પૂનમ-ચોથ ભરવા તૂટી પડીએ છીએ, 'મૂર્તિ'નાં, દર્શન કરી 'ફરજ' બજાવ્યાનો સંતોષ લઇ 'હાશ' અનુભવીએ છીએ. પણ આપણે બારણે ભૂખ્યું-દુખ્યું ભિક્ષુક, સાધુ-સંત સ્વરૂપે, આ જ 'મૂર્તિ' આવી હોય ત્યારે તેને ધુત્કારી ધક્કા મારી કાઢી મૂકીએ છીએ. તુલસીદાસજીએ કહ્યું છે 'સિયારામ મય સબ જગ કરૂં પ્રણામ જોડી જુગ પાની..'

બે પોલીસને બંદોબસ્ત માટે 'મંદિર'માં મૂકવામાં આવ્યા હતા. 'અફડાતફડી'માં માણસો મરતાં હતા. દરવાજા ખૂલ્યા - પહેલાં હું દર્શન કરી આવું, પછી તું જજે કહી એક અંદર ગયો. બીજો બૂટ સાચવતો ઊભો રહ્યો.

...ત્યાં કંદોઇની દુકાને બબાલ થઇ. એક ભૂખી ભિક્ષુક બાળકી જલેબીનો મુઠ્ઠો ભરી ચોરી કરતી પકડાઇ ગઇ. કંદોઇએ મારવા લીધી. છોકરી રડતી હતી. પોલીસ જોતો હતો તેથી પછી કંદોઇએ એને સોંપી દીધી.

પોલીસે રૂમાલ કાઢી છોકરીનાં આંસુ લૂછ્યાં અને વીસ રૂપિયાની નોટ કાઢી કંદોઇને આપી કહ્યું આટલાની જલેબી આ છોકરીને આપી દે! છોકરી જલેબી ખાતી પોલીસ તરફ આંખેથી અમીવર્ષા કરતી અદૃશ્ય થઇ ગઇ.

પેલો પોલીસ દર્શન કરી બહાર આવ્યો કહ્યું, જા, હવે તું દર્શન કરી આવ, હું ઊભો છું..

પેલા પોલીસે જળજળીયાં લૂછતાં કહ્યું, મને માતાજીએ બહાર આવીને જ દર્શન દઇ લીધાં.. હવે મારે નથી જવું!

Email - sureshchandrabhatt18@gmail.com

# આજનાં સમયમાં આટ્‌ર્સ કોલેજોમાં અપાતું શિક્ષણ સમાજને કોઇ પ્રકારનું માર્ગદર્શન પુરૂં પાડે છે ખરૂં?

## ઉચ્ચ શિક્ષણ - આટ્‌ર્સ કોલેજોની ઉપયુક્તતા...

## શિક્ષણ ચિંતન

**- અનંત ન. વ્યાસ**

આપણે ત્યાં તાજેતરમાં યુનિ.ના કુલપતિઓની બેઠક યોજાઇ ગઇ. આ મહાનુભાવોએ ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા અવશ્ય કરી હશે. તેનું તારણ તો જયારે જાણવા મળે ત્યારે પણ તેઓની વિચારણા અનેક પ્રશ્નો સાથે સંકલિત હોય એટલે કોઇ એક પ્રશ્ન સાથે સંકલિત હોય. એટલે કોઇ એક પ્રશ્ન પણ કેન્દ્રિત ન થાય તે સ્વાભાવિક છે. પરંતુ પ્રવર્તમાન સંજોગોમાં અને વાસ્તવિકતાની દૃષ્ટિએ વિચારીએ તો ઉચ્ચ શિક્ષણ પીરસતી આપણી વિનયન કોલેજોનાં સામાજિક ઉત્પાત માટેનાં યોગદાનની તથા ક્ષમતા અંગે જરૂર થોડું વિચારી શકાય. આ અંગે થોડા પ્રશ્નો મનમાં ઊઠે છે.

- આજનાં સમયમાં આટ્‌ર્સ કોલેજોમાં અપાતું શિક્ષણ સમાજને કોઇ પ્રકારનું માર્ગદર્શન પુરૂં પાડે છે ખરૂં?
- પોતાના અભ્યાસ સમય દરમિયાન જે જ્ઞાન કે માહિતી યુવાનો પ્રાપ્ત કરે છે તેનાથી જીવનના કોઇ અતિ ઉચ્ચ તત્ત્વો તે પ્રાપ્ત કરે છે ખરો?
- કેળવણીનું લક્ષ્ય માનવમાં પડેલી સુષુપ્ત - શક્તિ જગાડી હરકોઇ પરિસ્થિતિનો સામનો કરવાનું બળ પુરૂં પાડવાનું છે. શું વિદ્યાર્થીઓમાં પડકારો ઝીલવાની તેના ઉકેલો શોધવાની શારીરિક તથા માનસિક ક્ષમતા કેળવાય છે ખરી?
- એવું માનવામાં આવે છે કે વિજ્ઞાન તથા કોમર્સ કોલોજે ભૌતિક જ્ઞાન આપે છે જયારે વિનયન કોલેજો માનવ ભાવનું, ઉચ્ચ ચારિત્ર અને નીતિ-પરાયણતાનું ઘડતર કરે છે. શું આજનું ભણતર એ વિચારને સત્ય પ્રતિષ્ઠિત કરે છે ખરું ?
- ગ્રેજ્યુએશન પછી આજનો યુવાન - સંપૂર્ણ આત્મ વિશ્વાસ સાથે સમાજમાં ઊભો રહી શકે છે ખરો?
- વિદ્યાર્થીઓમાં શિક્ષણ, વાંચન, મનન પરત્વે રસ ઘટતો જાય છે. વિદ્યાર્થી વર્ગમાં બેસે, જાતે તૈયાર થાય તેવું આટ્‌ર્સ કોલેજમાં વાતાવરણ છે ખરું? જો આ પ્રશ્નોના મોટા ભાગના જવાનો નકારમાં હોય તો આટ્‌ર્સ કોલેજના અસ્તિત્વ પર વિચારણા કરવી જરૂરી છે.

આટ્‌ર્સ કોલેજોનું આટલું વિસ્તરણ થયું છે તેના કારણો જાણવા જોઇએ. આઝાદી પછી ઉચ્ચ શિક્ષણની ભૂખ ઉઘડી પરિણામે તાલુકા કક્ષાના શહેરોમાં પણ કોલેજ ઉઘડી. શિક્ષણ લેવા ઇચ્છતા સૌ માટે તેની વ્યવસ્થા કરવી તે કલ્યાણ રાજયનું કાર્ય છે. તેથી આટ્‌ર્સ કોલેજો માટે સરકાર તથા યુનિ. એ પ્રોત્સાહન પુરું પાડયું. ઊચ્ચ - શિક્ષણના નામે વિનયન કોલેજો સ્થાપના સરળ હતું. વિદ્યાર્થીઓનો પુરવઠો મળતો રહે. ફેકલ્ટીની તંગી ન નડે. જગ્યા પરત્વે કોઇ બંધન નહીં. માત્ર બે-ચાર વિષય સાથે પણ આટ્‌ર્સ કોલેજ શરૂ થઇ શકે. આ સાથે અન્ય મહત્ત્વના કારણોમાં માધ્યમિક શિક્ષણ પુરૂં થાય ત્યારે વિદ્યર્થી હજી અપરિપક્વ હોય. વળી ૧૧-૧૨ પછીના આ વિશાળ જથ્થાને કયાં સમાવવો. તો પણ પ્રશ્ન ઊભો થાય. કન્યાઓ માટે લગ્ન-વય સુધી પહોંચવા માટે પણ બે ત્રણ વર્ષની જરૂર હતી. આવા વિવિધ કારણોસર આટ્‌ર્સ કોલેજો ઝપાટા બંધ વધવા લાગી.

આટ્‌ર્સ કોલેજોની સ્થાપના માટે જે - જે કારણો તે સમયે દર્શાવાયા તેની સમીક્ષા કરતા આજના તબક્કા ઘણાં કારણો નિર્મૂળ થાય છે. શિક્ષણની ભૂખનો વિચાર કરીએ તો આજે કોલેજમાં ગયા વિના માહિતી તથા જ્ઞાન બંને મળે તેવી વિશ્વ-વ્યવસ્થા ઊભી થઇ છે. કોમ્પ્યુટર - મોબાઇલ - લેપટોપ - ઇન્ટરનેટ જેવા આધુનિક સાધનો છે. ઘર બેઠા અભ્યાસ કરી શકાય તેવા અભ્યાસમાં વિવિધ સંસ્થાઓ ચલોવે છે. ડીસ્ટેન્ટ. એજ્યુ. આપતી દેશ-પરદેશની યુનિ.ઓ પણ છે. આપણે ત્યાં ઇન્દિરા ગાંધી તથા બાબા સાહેબ આંબેડકર. ઓપન યુનિ છે જે માન્ય ડિગ્રીઓ આપે છે. રાજય-કક્ષાએ કેટલીક યુનિ. બાહ્ય અભ્યાસક્રમ આપે છે. આમ જોવા જઇએ તો જ્ઞાનની ભૂખ સંતોષવા માટે સાધનો સંસ્થાઓ તથા સગવડતાની કમી નથી તે માટે આટ્‌ર્સ કોલેજમાં જવું પડે તેવી કોઇ સ્થિતિ નથી.

આટ્‌ર્સ માટેની બીજી વિભાવના તે એ કે લાગણીનું સંવેદનાનું શિક્ષણ. માનવ ભાવના જગાડી સમાજમાં સમરસતા ફેલાવવાનું શિક્ષણ. રસ અને રૂચિના ઘડતરનું શિક્ષણ - આ ભાવનાત્મક બાબતોને જો વાસ્તવિકતાની કસોટીથી કસીએ તો ત્રણે ફેકલ્ટીના વિદ્યાર્થીઓ કંઇ તફાવત ભાગ્યે જ તારવી શકાય. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ વધારે અભ્યાસરત રહેવું પડે છે. જયારે આટ્‌ર્સના વિદ્યાર્થી પર ભણતરનો કોઇ ભાર હોતો નથી. પરંપરાગત પાઠ્ય પુસ્તકો- પુષ્કળ મળતી ગાઇડો, ને પ્રાધ્યાપકની જૂની નોંધો. આ સૌ વિદ્યાર્થીનું કામ આસાન કરી નાખે છે. પરીક્ષાઓમાં પણ વારંવાર પુછાતા પ્રશ્નો. એક જ ઢબે પુછાયા કરે છે. જેનાથી વિદ્યાર્થીમાં અભ્યાસ માટે રસ કેળવાતો નથી.

વર્ગમાં નિયમિત હાજરી માટે યુનિ. ભલે ગમે તેવા નિયમો ઘડે. ભાગ્યે જ કોઇ કોલેજ એવી જડે જેણે અનિયમિત હાજરીના કારણે પરીક્ષાના ફોર્મ્સ ન મોકલ્યા હોય. ગમે તેટલી સમૃદ્ધ લાઇબ્રેરી હોય તો પણ માંડ એકાદ ટકો વિદ્યાર્થી તેનો લાભ લે છે. અભ્યાસક્રમની ક્ષિતિજો વિસ્તરાતી નથી જે વિષયો ભણાવાય છે તેનું સાંગોપાંગ શિક્ષણ અપાતું નથી. પોતાના મૂળ વિષયમાં વિદ્યાર્થી કાચો રહી જાય છે. પલ્લવગ્રાહી - પાંડિત્ય જેવી જ સ્થિતિ છે.

રોજગાર વિનિમયમાં તપાસ કરતા નોંધાયેલા શિક્ષિત બેકારોમાં આટ્‌ર્સ ગ્રેજ્યુએટની સંખ્યા વધારે હોય છે. સમાજમાં બેકારોની સંખ્યા વધતી જાય છે. કારણ આટ્‌ર્સ ગ્રેજ્યુએટ 'વાઇટ કોલર' પેલા પસંદ કરે છે. લગભગ ૧૯૫૦ ના અરસામાં પ્રગટ થયેલ શ્રી ખાડેકરની નવલકથા 'કોંચવધ' માં એક પત્ર કહે છે. આટ્‌ર્સ ગ્રેજ્યુએટ ભલે બૌદ્ધિક કહેવાય પણ તે આરામપ્રિય હોય છે. રાષ્ટ્રીય ચેતનાનો સ્પર્શ તેને નહિવત હોય છે. કોઇ પણ પ્રકારનું નાનું કે મોટું કાર્ય કરવા તે ઝંપલાવી શકતો નથી.' અભ્યાસક્રમ પુરો કરી વાસ્તવિક જીવનમાં જયારે ડગલાં માંડે છે ત્યારે કોલેજમાં ભણેલું કંઇ કામ આતવું નથી.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લેતા એવું સ્પષ્ટ ચિત્ર ઉપસે છે કે આ કોલેજોમાં અપાતા શિક્ષણથી સમાજમાં સમરૂપતા સધાતી નથી. તો પછી આ પ્રકારનો ભાર શા માટે વેંઢારવો તે પ્રશ્ન થાય. આ માટે માત્ર બે જ માર્ગ છે. અગર શિક્ષણમાં પરિવર્તન લાવવામાં આવે અથવા તો આટ્‌ર્સ કોલેજ સદાના માટે બંધ કરવામાં આવે. જો આટ્‌ર્સ કોલેજને બંધ કરવામાં આવે તો તેનાથી ફાજલ પડતા વિદ્યારથીના વિશાળ જથ્થાને સમાવેશ થાય તેવી વૈકલ્પિક સગવડતા તૈયાર રાખવી પડે. જે આજે શક્ય નથી. આજના તબક્કે તે સમાજ માટે હિતાવહ પણ નથી. મરણાસન્ન દર્દીને માટે ડોક્ટર્સ સતત પ્રયત્ન કરે છે. આશા છોડતા નથી તેમ આટ્‌ર્સ કોલેજોમાં પરિવર્તનો આણી તેમાંના નવો પ્રાણ પેદા કરવો જોઇએ. ભલે આજે તે બેકારો માટેનું એક કારખાનું લાગે. પણ ક્રાન્તિની ચિનગારી આ બેકાર યુવાનોનાં મગજમાં જ સળગવાની. શિક્ષણ લેતો યુવાન જીવંત બને તે માટે થોડા પરિવર્તન સૂચવી શકાય.

(૧) વિદેશોમાં આપણે ત્યાં છે તેમ પાઠ્યપુસ્તકો વર્ગો કે ટાઇમ ટેબલ્સ ને ટેસ્ટો નથી હોતા. ઉચ્ચ શિક્ષણ લેતા યુવાનોને પાઠ્ય પુસ્તકો આપવા તે તેની ક્ષમતાનું અપમાન કરવા સમાન છે. વિદ્યાર્થીઓને વિષયના યુનિટો આપવા જોઇએ. દરેક વિદ્યાર્થીએ દર યુનિટ પર અમુક કલાક કામ કરવું જરૂરી ગણવું તે માટે વિવિધ પ્રકારના સંદર્ભ ગ્રંથો લાઇબ્રેરીમાં રાખવા વિદ્યાર્થી પોતાના વિષયમાંથી મનગમતો યુનિટ પસંદ કરે. તેમાં સમાવિષ્ટ પેટા યુનિટો તપાસે, સંદર્ભ - ગ્રંથોમાંથી માહિતી એકઠી કરે અને પોતાની નોંધ તૈયાર કરે. પ્રાધ્યાપકનું કાર્ય નોંધ તપાસવાનું તથા ગ્રંથમાંથી માહિતી મળશે તે સૂચવવાનું અને નોંધના આધારે વિદ્યાર્થીની શક્તિનું મૂલ્યાંકન કરવાનું, જો આમ કરવામાં આવે તો વિદ્યાર્થી જાતે તૈયાર કરતા શીખે. માત્ર વાંચી ને કે થોડા - પ્રશ્નો ગોખીને પાસ ન થવાય તે તેને સમજાય. પોતાના વિષયનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન તથા સમજ પ્રગટે. લાઇબ્રેરીનો ઉપયોગ કરતો થાય પરિણામે યુવાનોમાં આત્મવિશ્વાસ પેદા થાય. દરેકે અમુક કલાક કામ કરવાનું હોય. ગેરહાજર રહેવું. કે વર્ગમાં ન બેસવા જેવી વૃત્તિનો અંત આવે. વિદ્યાર્થીની નોંધ જો ઉત્કૃષ્ટ પ્રકારની હોય તો તેને વ્યાપક પ્રસિદ્ધિ અપાય જેથી પ્રોત્સાહન મળે. નવા સંશોધનનો માર્ગ કંડારાય. બીજું પરિવર્તન યુનિ.ના ક્ષેત્રે કરવાનું રહે. દરેક યુનિ.માં વિવિધ ભવનો હોય છે. જેમાં આજે પોસ્ટ - ગ્રેજ્યુએશન કાર્ય ચાલે છે. આ ભવનો પર વધારે જવાબદારી નખાય. જેમ કે 'અર્થશાસ્ત્ર' ભવન જુદી જુદી યુનિ. નામે ચાલતી જે તે કોલેજના અર્થશાસ્ત્ર અને તેના લગતા એક અન્ય વિષયનું સંચાલન કહે. પોતાના વિષય પૂરતો બોઝોટ યુવાન માથે પડે. આવા ભવનોમાં ઉચ્ચ જ્ઞાન ધરાવતા, કાર્યદક્ષ સન્માનીય ધરાવતી વ્યક્તિઓ શિક્ષણક્ષેત્રે પ્રવેશે છે. જે વિદ્યાર્થીમાં ઊચ્ચ ભાવના પ્રગટાવે છે.

આ બે પરિવર્તનોથી યુનિ.નું કામ તદ્દન ઘટી જશે. યુનિ. શબ્દનો અત્યારે ભારે ગેર-ઉપયોગ થઇ રહ્યો છે. થોડા વરસો અગાઉ આપણા એક માન્ય સર્જક નોંધ્યું હતું કે ગામડે ગામડે કોઇ ચાની દુકાન હોય. કોલેજ ન હોય. આપણે તો શહેરોમાં નવા નવા નામ નીચે યુનિ. સ્થાપવા મંડ્યા. યુનિ.નું કાર્ય વિશ્વ-વ્યાપક સ્તરના જે તે વિષયને સર્જાત્મક ઓપ આપવાનું છે. માત્ર M.Phil તથા Ph.D કક્ષાનું શિક્ષણકાર્ય યુનિ. સંભાળે અને આટર્સ કોલેજોની જંજાળ પોતાના માથેની ઉતારે તો યુનિ. માં પણ પ્રાણ પુરાય.

આટ્‌ર્સ કોલેજ સાથે સરખાવતા વિજ્ઞાન કોલેજોમાં વિદ્યાર્થીને વધારે રસ પડે છે. તેથી વિદ્યાર્થીના વિશાળ જથ્થાને સમાવવા વિજ્ઞાન કોલેજ વધારવી જરૂરી છે. બાકી જો આર્ટસ કોલેજમાં પરિવર્તનો નહીં થાય તો પોતાના ભારથી તે ભાંગી પડવાની. યુવાનો પછી બેકાબુ બનવાના અને સમાજ અંધાધૂંધીમાં અટવાશે... તેથી સમયસર પગલાં ભરવા જરૂરી બનેલ છે.


# ગળથુંથીમાં મળેલા વારસાને જાળવનાર માત્ર આર્કિટેક્ટ નહીં પણ સંગીતમાં ચિત્રલિપિના સર્જક શ્રી હરિ વડનેરકર

## મોંઘેરા મોતી

**- નટવર આહલપરા**

જે અનેક પ્રકારના શોખ ધરાવતી વ્યક્તિઓ છે તેમ સંશોધન કરનાર પ્રતિભાઓ પણ છે... ગાંધીનગરના આર્કિટેક્ટ શ્રી હરિ વડનેરકરની અનોખી શોધને દાદ આપવી પડે. બ્રિટનની શાળાઓમાં તેમને શોધેલી ચિત્રલિપિનો અભ્યાસક્રમ શરૂ થયો છે.

ગાંધીનગરને કર્મભૂમિ બનાવનાર શ્રી વડનેરકર કહે છે કે, જણાવતા આનંદ થાય છે કે એક ભારતીય વ્યક્તિએ ગેય સંગીતને દૃશ્ય કલામાં આવી 'એકોહં બહુશ્યામિ । તત્વ પુરવાર કર્યું કે જગતના કોઇ પણ ખૂણામાં જાઓ ત્યાં સંગીત મૂળ તો બાર સૂરોથી જ થયેલું છે. આ પુરવાર કરતા સુર માટે સંગીત પ્રતિક ઊભું કરવું પડ્યું તે ભૂમિતિનાં પ્રમેયની માફક એને પુરવાર કરવામાં મહદ્‌અંશે સફળતા મળી અને તેની પ્રાત્યક્ષિક અનુભૂતિ કોમ્પ્યુટર ઉપર થાય છે એ વિશેષ કહેવાય.'



હાલમાં આંતરરાષ્ટ્રીય સેમિનાર માટે મારો પેપર ૧૧૬ દેશોનાં પરિક્ષકોએ પસંદ કરેલો હતો. પણ મદદ વિના મેં સાહસ ખેડ્યું નથી. આવી ત્રણ કોન્ફરન્સો જતી કરી છે.

પેન્શન સમાજના સભ્યના નાતે જણાવ્યું છે કે ઉપરોક્ત મહાનુભાવોના અભિપ્રાય પ્રાપ્ત એવી વ્યક્તિનું જે એક સ્થપતિ, કલાકાર અને સંગીતકાર છે તેનો કલાસંગ્રહ જોવા કે તેનું કામ જોવાની ઇચ્છા હોય તો આપ અવશ્ય મળી શકો છો. આ કામ વિશ્વની કલા તથા શિક્ષણક્ષેત્રમં પ્રથમ જ થયેલું છે. નવું પાટનગર ગાંધીનગર મારી કર્મભૂમિ છે. ૧૯૭૬ માં આ કામ વિશ્વફલક ઉપર ફ્રેન્ચ તથા અંગ્રેજી મેગેઝીનમાં પ્રકાશિત થયું. ( )

સંગીત માટે ચિત્રિત માધ્યમની શોધ એ એક વિજ્ઞાન અને કળાના મેળાપથી થયેલી છે. જે વિશ્વસ્યરીય છે. મૌલિક સાત સૂરો 'નાદબ્રહ્મ' ના સ્વરૂપને ભાષામાં અડસર વગર જાગતિક ધૂનોનું રૂપાંતર સ્થાપત્યકલા તથા સુશોભન કલામાં પ્રવેશીને સંગીતના મુલ્યનિષ્ઠો તથા જ્ઞાનવર્ધક માહિતીની લેનદેનનું સાધન બન્યું. આજ સાધનથી એ પ્રતીતિ કરાવે છે કે વિધિવતમાં એકતા અને આત્મા પરમાત્માનો એકેશ્વરવાદ જાણી શકાય છે જે માનવજાતને વિહંગાવલોકન કરાવતા માટે સમર્થ છે.

એકતાલીસ વરસનો અભ્યાસ અને તેના થકીની તપસ્યાના સાક્ષી છે -

આ પૂર્વે પ્રથમ તો આ કામ ભૂતપૂર્વ ગર્વનરની શ્રીમન્નારામણ સાહેબે જોઇને પ્રશંસાપાત્ર ગણાવ્યું હતું.

જયારે મેં ફોન કર્યો ત્યારે શ્રીહરિ વડનેકર સાહેબનાં ધર્મપત્ની ફોન ઉપર આવ્યા. આદરણીય કુંદાબહેન તેમનું નામ. પતિ આટલી ઊંચાઇ સુધી પહોંચ્યા તેમાં તેમનો ફાળો તો હોય જ પણ તેમને નમ્રતાપૂર્વક તે યશ લેવાનું સ્વીકાર્યું નહીં. તેઓ સંસ્કૃત ભાષામાં પારંગત છે.

આદરણીય શ્રી વડનેરક સાહેબને તાજેતરમાં જ તા. ૨૦-૧૨-૨૦૧૩ ના રોજ લખનૌની સી.ટી. મોન્ટેસરી સ્કૂલ ખાતે 'એજ્યુકેશન વી વોન્ટ' ટાઇટલ નીચે પોલિસી મેકર તરીકે ટ્રોફી, પ્રમાણપત્ર એનાયત થયાં. આ સેમિનારમાં દેશ-વિદેશની પ્રતિબાઓ ઉપસ્થિત હતી. શ્રી હરિ સાબેબને તો આ બદું ગળથુંથીમાં મળ્યું અને તેઓ વારસાને દિપાવ્યો છે, તેમાં પિતા સ્વ. વામનરાવ પ્રખર સંગીતકાર હતા તો માતા સ્વ. વિમલાબેન વાદ્ય દિલરૂબા બહુ જ ખુબીથી વગાડતા હતા.

શ્રી વડનેરકર સાહેબ ગાંધીનગરના પ્રથમ ટાઉન પ્લાન્ર છે. શ્રી મેવાડા સાહેબ, શ્રી વી.ડી. મિસ્ત્રી તો ટાઉન પ્લાનર હતા પણ શ્રી હરિ સાહેબનું યોગદાન નાનું સૂનું નથી. શ્રીમતી કુંદાબહેન અને શ્રી હરિસાહેબ પરિવારમાં અનેક દુઃખોનો સામનો કરીને સ્વસ્થ છે જે આજની માત્ર મોજશોખથી જીવતી યુવાપેઢી માટે અમૂલ્ય પાઠશાળા છે. યુવાનો, પત્રકારો, શિક્ષણવિદો, શિક્ષકો, વિદ્યાર્થીઓએ આ મહાન કલાતીર્થના દર્શને જવું જોઇએ. અહીં તેમને અનેક પાઠોનું ભાથું મળશે. સંગીત, કસરત અને ચિત્ર માત્ર વિદ્યાર્થીને જ ઉપયોગી નથી પણ સંગીતનો, ચિત્રનો આમ આદમીને, પણ લાભ મળે છે. ખરેકર શ્રી હરિ વડનેરકરને દાદ આપીએ.

સંગીતનો આનંદ માણી શકાય છે. પણ તેના સૂરોને વાંચી શકાતા નથી. ગાંધીનગરના આર્કિટેક્ટ શ્રીહરિ વડનેરકરે સંગીતના રાગો આધારિત વિવિધ રંગો આધાર ચિત્રલિપિ તૈયાર કરી છે. આ ચિત્રલિપિ આધારે વિદ્યાર્થીઓ સંગીત સરળતાથી શીખી શકે છે. બ્રિટનની પ્રાથમિક શાળાઓમાં તો શ્રીહરિએ તૈયાર કરેલી ચિત્રલિફિ દ્વારા સંગીત શીખવવાનો અભ્યાસક્રમ પણ દાખલ કરાયો છે. ઘરમાં સંગીતના રાગો આધારે રંગીન ચિત્રો લગાવવામાં આવે તો ઘરમાં સુખ-સમુદ્ધિ આવે છે અને વ્યક્તિનું મન પ્રફુલ્લિત રહે છે. ખુદ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે પણ શ્રીહરિને અભિનંદન પાઠવી આ ચિત્રલિપિમાં વધુ સંશોધન કરવા જણાવ્યું છે.

દુનિયાના તમામ સૂરો લગભગ એકસરખાં છે. માત્ર તેની રચના જ બદલાતી હોય છે અને વ્યાકરણ પણ બદલાય છે. હાલમાં સંગીતના સૂરો દેવનાગરિ લિપિમાં લખાયેલાં છે. પણ ૭૦ વર્ષીય શ્રીહરિ વડનેરકરે સંગીતના સૂરોને ચિત્ર દ્વારા લિપિ તૈયાર કરી છે. જે વિવિધ રંગો આધારિત છે. બાર મુખ્ય રંગો આધારિત આ લિપિ દ્વારા વિશ્વના કોઇ પણ દેશનું ગીત ગાઇ શકાય છે. શ્રીહરિએ 'સંદેશ' સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે જેમ, 'સારેગામાપધનીસા' સૂરો ગાઇ શકાય છે, પણ આ જ સૂરના મૂળાક્ષરને વિવિધ રંગ મૂજબ ચિત્ર તૈયાર કરાય તો પણ તે ગીત કે સૂરને ગાઇ શકાય છે. છેલ્લા ૩૬ વર્ષથી અથાગ મહેનત બાદ સંગીતની અલગ ચિત્રલિપિ તૈયાર કરી શકાઇ છે.

સંગીત એ વાસ્તુશાસ્ત્રનો ભાગ ગણાય છે, પરિણામે સંગીતના સૂરો આધારે રંગીન ચિત્રો બનાવાય કે તે રંગો આધારિત ટાઇલ્સ કે કાચનો મકાનમાં ઉપયોગ કરાય તો ઘરમાં સમૃદ્ધિ આવી શકે છે અને પરિવારના સભ્યોના મન પ્રફુલ્લિત રહી શકે છે. નોંધનીય બાબત તો એ છે કે, શ્રીહરિએ ૧૮ દેશોનાં વિવિધ ગિતોને આ ચિત્રલિપિ દ્વારા લખ્યાં છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**



# અને આઠ વર્ષ થઇ ગયા....

## વિચાર યાત્રા

**- ડો. જય ઓઝા**

**અને આઠ વર્ષ થઇ ગયા.... પહેલીવાર જયારે હું લેખ જેવું કાંઇક લઇને 'ગાંધીનગર સમાચાર'માં ગયો હતો અને કૃષ્ણકાંતભાઇને છાપવા યોગ્ય લાગ્યું, કે તરત જ તેમણે પ્રોત્સાહન આપતા કહ્યું કે તારી સાપ્તાહિક કોલમ શરૂ કરી દઇએ... નામ પણ તેમને જ સૂચવ્યું. 'વિચારયાત્રા'. અને બસ પછી શરૂ થઇ ઘટમાળ.... 'વિચારયાત્રા' ની યાત્રા આજે આઠ વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે પાછલા આઠ વર્ષનો ભૂતકાળ આંખ સામે તરવરે છે.**

**આમ, તો સામાન્ય રીતે પાંચમાં વર્ષ, દસમાં વર્ષે એમ પાંચ વર્ષીય યોજના પ્રમાણે લેખા-જોખા કરવાનો રીવાજ છે પરંતુ સંસ્કૃત વિષયના વિદ્યાર્થી હોવાના કારણે આઠનો શુકનિયાળ અંક વધુ મહત્ત્વનો લાગે છે... પાણિની મુનિએ અષ્ટાધ્યાયી લખી... આઠ અધ્યાયમાં સમગ્ર દુનિયાને અંચબિત કરી દેતું વ્યાકરણ સમજાવી દીધું. તો બીજી તરફ રૂદ્રઅષ્ટાધ્યાયી શિવ અર્ચન માટે જાણીતી છે... માટે જ થયું કે આઠના અંકને સાવ એમ નેમ જવા નથી દેવો...**

**સફરમાં મંઝિલ પર પહોંચી જવા કરતાં તે દરમિયાનની યાત્રામાં વધુ આનંદ આવે છે, રોમાંચ આવે છે...**

**કોઇ પણ જાતની અપેક્ષા કે, અભરખા રાખ્યા વગર માત્ર નિજાનંદ માટે વિચારયાત્રાની શરૂઆત કરી...**

**સૌથી વધુ આનંદ લેખ લખ્યા પછી આવતો હતો... મનમાં જે વિચાર ધબધબાટી કરતો હોય તે વિચારને જન્મ આપી દઇને, કાગળ પર ઉતારી દીધા પછીનો જે આનંદ છે તે પ્રસવપીડા પછી બાળકના જન્મ વખતે એક માને જે આનંદ થાય તેની લગોલગનો આનંદ છે.**

**આપ વાચકોએ પણ વિચારયાત્રાને એટલી હરખભેર વધાવી લીધી કે, મને વધુને વદુ ઉત્સાહ મળતો ગયો... ફોન કે એસ.એમ.એસ. અને હવે મેલ દ્વારા આપના તરફથી મળતા પ્રતિભાવ એ તો મારા વિચાર-યજ્ઞમાં તલ અને ઘી હોમવા જેવું કાર્ય કરે છે... વૈચારિક અગ્નિ વધુ પ્રદિપ્ત કરવાનો યશ આપ સૌ વાચકોને જાય છે.**

**'વિચાર-યાત્રા' કટારની મજેદાર વાત એ છે કે - આ કટારનો કોઇ ચોક્કસ વિષય નથી... કોઇ વખત ફિલ્મ ઉપક તો વળી કોઇ વખત કોઇ સુંદર પુસ્તક ઉપર, કયારેક રાજકારણ ઉપર, કયારેક સંબંધ પર, શિક્ષણ પર, સાહિત્ય પર, સમાજ ઉપર, સ્વાર્થ, નિંદા, પ્રેમ, પીડા, સુખ, દુઃખ આ બધા જ વિષય પર કલમ લખતી રહી છે... એનું કારણ એ છે કે... હું તો માત્ર લખનાર છું... મૂળ લખાવનાર તો મન અને હૃદય છે...**

**મનનીય લેક લખ્યા છે ત્યારે શાણપણની ડહાપણની વાત કરી છે... હૃદયથી લેખ લખ્યા છે ત્યારે ગાંડપણની એટલે કે હૃદયસ્થ વાત કરી છે. જે પણ લખ્યું છે, તે પુરી ઇમાનદારીથી લખ્યું છે... ઉતાવળમાં લેખ આપી દેવાની લાલચમાં જેમ-તેમ પતાવવા માટે લખીને કાગળ કાળો નથી કર્યો. (એટલીસ્ટ હું તો એવું માનું છું... અને આત્મા જે દી ડંખે ત્યારે દિલ ડંખે... આત્મસંતોષ સૌથી મોટો સંતોષ છે.)**

**બનવાજોગ છે કે, આ આઠ વર્ષ દરમિયાન આપમાંથી ઘણાને 'વિચારયાત્રા'ના અમુક લેખ ન પણ પસંદ આવ્યા હોય... અને એવું પણ બને કે અમુકમાં આપના મંતવ્ય લેખક કરતા અલગ પડતા હોય...**

**પરંતુ સાચું કહું, આ અરવિંદ કેજરીવાલની 'આમ આદમી પાર્ટી' તો હમણાં બે-ત્રણ વર્ષથી ચર્ચામાં આવી છે... પરંતુ હું તો આઠ વર્ષ પહેલાથી કહેતો આવ્યો છું, અને લખતો આવ્યો છું કે, મારા વિચાર એ ફક્ત મારા નથી... તમારા પણ છે... કારણ હું મંગળ ગ્રહ પરથી આવેલો એલિયન નથી... પૃથ્વી પર, એશિયામાં, ભારતમાં, ગુજરાતમાં, ગાંધીનગરમાં વસનારા ગાંધીનગરાઓ માનો એક ગાંધીનગરો છું. આ ગાંધીના નગરમાં વિચારોની આંધી આવવી આપણા બધા માટે સ્વાભાવિક છે... વિચાર આપણા બધાના જ છે... મેં ફક્ત કાગળ પણ ઉતાર્યા છે...**

**પ્રયત્ન પણ હંમેશા એવો રાખ્યો છે કે ડેલકાર્નેગીના જીવનસૂત્રો સમજાવી કે - જીત આપકી શીખવાડતી સૂફિયાણી વાતો ન લખવી પણ... વાંચીને આપને થાય કે ઓ-તારી હું આવું જ તો વિચારતો હતો...**

**જયારે જયારે તમને આવો વિચાર આ આઠ વર્ષ દરમિયાન આવ્યો હશે ત્યારે-ત્યારે મારી માટે 'આજની ઘડી તે રળિયામણી' બની રહી હશે...**

**આઠ વર્ષ દરમિયાન આપ વાચકોને તો હું કેટલો પરિતોષ આપી શક્યો તે તો નથી જાણતો પરંતુ 'વિચારયાત્રા' ને કારણે મને મારા અંગત જીવનના ચડાવ-ઉતારમાં જે ટકી રહેવાનો કે સંજોગોને સ્થિરતા પૂર્વક સમજવાનો જે લ્હાવો મળ્યો છે, તે અમૂલ્ય છે... સતત વાંચન કરતા રહેવાની ટેવ આ 'વિચારયાત્રા' ને કારણે મળી છે...**

**કવિઓની અવનવી કૃતિઓ કવિતાઓ જે વાંચીને તમારી સાથે શેર કરવાનું મન થાય તે શેર કરીને આનંદ મેળવ્યો છે... આપ સર્વેના આશિષ અને શુભેચ્છાઓથી સર્જનની જે શક્તિ મળતી રહેશે તે યથોચિત આપના સુધી પહોંચાડવાનું કાર્ય કરવાની કોશિષ કરતો રહીશ... અંતે. ર.પા.ની રચના મારા વિચારો વધુ સારી રીતે રજૂ કરી શકશે...**

**શબ્દમાં મેં પગ જરા લાંબો કર્યો, ટૂંકો કર્યો**
**ત્યાં ઇમારતસ બરાડ્યા : 'શું કર્યું! ભુક્કો કર્યો,**
**મેં કહ્યું એકધારા ભેજથી ત્રાસ્યો હતો,**
**જીવ ભીનો થઇ ગયો, તો જરા સુક્કો કર્યો**
**તેં વિચારોમાં પ્રદૂષણ પણ ઘુસાડ્યું, એનું શું?'**
**ચિંતકોએ તર્કમાં ખુન્નસ ભરી હુક્કો કર્યો.**
**મેં કહ્યું : 'મારા વિચારો તિક્ષ્ણ છે, હિંચક નથી...'**
**...તોય તો હું તેમનાં મનને મનાવી ના શક્યો...**